## વડીલોને વંદન
## અભિનંદન


ભુપેન્દ્રભાઈ મણીલાલ શાહ
(૧૯૩૯)ફોન:૨૩૨૩૬૫૧૫


જયેન્દ્રકુમાર નગીનદાસ પરીખ
(૧૯૫૦)ફોન:૨૩૨૨૨૧૩૩


જયોતિકાબેન એચ. શાહ
(૧૯૫૩)ફોન:૨૩૨૨૩૨૪૬૯

# ઊંઝા મામલતદાર કચેરીમાં મતદાર યાદી સુધારણા શરૂ ન કરાતા લોકોમાં રોષ

ઊંઝા, તા.૧૪

ગુજરાત રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા તા. ૧૧મી ફેબ્રુઆરીના રોજ મતદાર યાદી સુધારણા ૨૦૧૩ અંગેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. પરંતુ આ કાર્યક્રમ જાહેર થયે ત્રણ દિવસ વીતી જવા છતાં મહેસાણા જિલ્લાના તાલુકા મથક ઊંઝા મામલતદાર કચેરીમાં મતદાર યાદી સુધારણા અંગનો કાર્યક્રમ શરુ કરાયો નથી. પરિણામે મતદાર યાદીમાં નામ નોંધાવવા, નામ રદ કરવા અન્ય વિગતો સુધારણા માટે નાગરિકો ધક્કા ખાઈ રહ્યા છે.

સ્થાનિક મામલતદાર કચેરીમાં હજી સુધી મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત જરુરી નમૂના ૬, ૭, ૮ (ક)નાં ફોર્મ પણ ઉપલબ્ધ નથી આથી લોકો ભારે પરેશાની વેઠી રહ્યા છે. આમ ચૂંટણી પંચના મહ્ત્વના કાર્યક્રમમાં જ લાલીયાવાડી ચાલી રહી હોવાથી લોકોમાં તંત્રના અધિકારીઓની નિષ્ક્રિયતા ઢીલી નીતિ સામે રોષની લાગણી ફેલાઈ છે.



ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર આયોજિત પંડિત દિનદયાલ ઉપાધ્યાયજીનાં સમર્પણ દિન નિમિત્તે જીવનચરિત્ર પઠન અને ભજન સંધ્યાનો કાર્યક્રમ સેવા વસતી ચરેડી, સેક્ટર-૨૮, ઘ-રોડ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો. જેમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, શ્રી પુનમભાઈ મકવાણા તેમજ ભાજપના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરમતી જેલ સુરંગ મામલો
# ગૃહસચિવ અને અધિકારીઓ વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

ગાંધીનગર,તા. ૧૪

સાબરમતી સેન્ટ્રલ જેલમાં આતંકવાદના ગુનાના કેદીઓએ જેલમાંથી બહાર નીકળવા ખોદેલી સુરંગની બાબતે રાજ્ય સરકાર ખૂબજ ગંભીરતાથી લીધી છે અને જેલોની સુરક્ષાના મામલાને લઈને રાજ્યના ગૃહ સચિવની અધ્યક્ષતામાં ઉચ્ચ અધિકારીઓની બેઠક જેમાં ગૃહ સચિવ અને જેલના વડા ઉપરાંત ફોરેન્સીક લેબોરેટરીના વડા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક બાદ તેનો અહેવાલ રાજ્યના અધિક મુખ્ય સચિવને સોંપવામાં આવશે. ત્યાબાદ વિધાનસભામાં રજુ કરવામાં આવશે. આ બનાવમાં જો જેલના કોઈ અધિકારી કર્મચારીઓ સંડોવજાયેલા હશે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમની સામે દેશદ્રોહનો ગુનો પણ લાગી શકે છે.

રાજ્યપાલ કમલાજીએ પણ જેલની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે. અને રાજ્ય સરકારના ગૃહ વિભાગ પાસેથી આ સમગ્ર બનાવનો અહેવાલ મંગાવ્યો છે. સાબરમતી જેલ સુરંગ મામલે આજે ગૃહસચિવ એસ.કે. નંદા, જેલના વડા આર.જે. પારધી તેમજ એફએસએલના વડા વચ્ચે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જેલમાં બનાવાયેલી સુરંગ મુદ્દે તેમજ જેલ અધિકારીઓ તેમજ સ્ટાફની બેદરકારી અંગે ચર્ચા થઈ હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. સુરંગ બનાવવામાં આરોપીઓએ કોઈ જેલ સ્ટાફની મદદ લીધી છે, તપાસમાં હાલમાં આરોપીઓએ શું કબલાત કરી છે વગેરેની ચર્ચા થઈ છે. સાબરમતી જેલ સુરંગ મુદ્દે એટીએસે પણ આજે સાબરમતી જેલની મુલાકાત લીધી હતી. અને સુરંગનું નિરીક્ષણ કર્યું હતું એટીએસ દ્વારા સુરંગનું નિરિક્ષણ કર્યુંહતુંએટીએસ દ્વારા સુરંગ બનાવનાર તેમજ બ્લાસ્ટનાં ૧૪ આરોપીઓની પૂછપરછ કરી હોવાનુંસૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આ સુરંગમાંથી અમદાવાદ બ્લાસ્ટ આરોપી તેમજ માસ્ટર માઈન્ડ અબુબશરને ભગાડવાનો પ્લાન હતો તેમ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

ક્રાઈમબ્રાન્ચ દ્વારા માનવામાં આવી રહ્યું છે કે સફદર નાગોરી જે ઈન્ડિયન મુઝાહિદ્દીનનો લીડર ગણાય છે. તેણે આ પ્લાન બનાવ્યો છે અને તેને પાર પાડવા સાધન સામગ્રી તેમજ અન્ય વસ્તુઓ પૂરી પાડવામાં તેણે મદદ કરવી હોય તેમ માનવામાં આવી રહ્યું છે. રાજ્યપાલે પણ ગૃહવિભાગ પાસેથી ઘટના અંગે નો જેલ તપાસનો વિસ્તૃત અહેવાલ મંગાવી સુરંગકાંડ અંગેની સઘળી વિગતો મેળવી છે. હાલમાં આ સુરંગકાંડ અંગેની તપાસ ક્રાઈમ બ્રાંચનાં ઉચ્ચ અધિકારીઓ ચલાવી રહ્યા છે.



## કપિલદેવે મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાત લીધી

ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ભારતીય ક્રિકેટના વરિષ્ઠ નિવૃત્ત ખેલાડી શ્રીયુત કપિલદેવે આજે સૌજન્ય મુલાકાત લીધી હતી.

ગુજરાતમાં ક્રિકેટ અને ક્રિકેટના માધ્યમ થકી ભારતીય રમતોમાં વિકાસ માટે તેમજ ખેલમહાકુંભના વિરાટ સ્તરના રમતોત્સવ અભિયાનની સફળતાનું યશભાગી નેતૃત્વ પૂરૂં પાડવા માટે કપિલદેવે મુખ્યમંત્રીને અભિનંદન આપ્યા હતા.

# પાલનપુરમાંથી ૨૫ કિલો ચરસ સાથે ત્રણ ઝડપાયા

પાલનપુર,તા.૧૪

અમદાવાદનાં નાર્કોટિક્સ વિભાગનાં અધિકારીઓએ બાતમીના આધારે બનાસકાંઠાના પાલનપુરમાંથી ૧૭ કિલો ચરસ સાથે ત્રણ શખ્સોને પકડી પાડ્યા છે. એનસીબીના સૂત્રોના જણાવ્યા મુજબ પાલનપુરનો રહેવાસી મહોમ્મદ રફીક તતા શત્રુધ્ન પ્રસાદ અને રાજેશકુમાર (બંને રહે. બિહાર) રાજસ્થાનથી ચરસનો જથ્થો લઈને લકઝરી બસમાં પાલનપુર આવ્યા હતાં અને પાલનપુરની સૂર્યા હોટલમાં ઉતર્યા હતાં. આ અંગેની બાતમીના આધારે અમદાવાદ નાર્કોટિક્સ વિભાગના અધિકારીઓને મળતાં જ પાલનપુર દોડીને સૂર્યા હોટલમાંથી ત્રણેય શખ્સોને ૧૭ કિલો ચરસ આશરે કુલ કિંમત ૨૫ લાખનો જથ્થો જપ્ત કરીને પકડી લીધા હતાં. એનસીબીના ઝોનલ ડાયરેક્ટર હરિઓમ ગાંધીએ ત્રણેય શખ્સો ચરસનો જથ્થો ક્યાંથી લાવ્યા હતાં અને અમદાવાદમાં કોને ડિલિવરી કરવાની હતી તે અંગે પૂછપરછ હાથ ધરી છે. હાલ ત્રણેય શખ્સોને જ્યુડી. કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે.

## એકાદ જગ્યાએ વરસાદી ઝાપટા પડી શકે
# અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીનું મોજુ : લોકો હેરાન

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં હવે ગરમીનું મોજુ ફરી વળ્યુ છે. ગરમીને કારણે હવે દિવસે પંખા અને એસીનો વપરાશ શરૂ થઈ ગયો છે. બીજીબાજુ આવતીકાલે કેટલાક વિસ્તારોમાં વરસાદના ઝાપટા પડવાની શક્યતા દેખાઈ રહી છે જેના કારણે વાતાવરણમાં ફરી પલટો આવી શકે છે અને તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે. છેલ્લા થોડાક દિવસમાં એકાએક તાપમાનમાં વધારો થઈ ગયો છે.

રાજ્યમાં સૌથી વધારે ગરમી સુરતમાં ૩૭.૯ ડિગ્રી નોંધાઈ હતી. આ ઉપરાંત રાજ્યમાં મહત્તમ તાપમાન વેરાવળમાં ૩૬.૯, સુરેન્દ્રનગરમાં ૩૬.૮ અને વડોદરામાં ૩૬ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે તમામ જિલ્લા, દિવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં એકાદ બે સ્થળે વરસાદના ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને લઘુતમ તાપમાન ૧૮ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૩ અને લઘુતમ તાપમાન ૧૯.૮ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગે ૬૫ ટકા અને સાંજે ૫.૩૦ વાગે ૩૨ ટકા નોંધાયુ હતુ. રાજ્યમાં મહત્તમ તાપમાન રાજકોટમાં ૩૫.૯, વડોદરામાં ૩૬, વલસાડમાં ૩૫.૭, દીવમાં ૩૫.૩, અમરેલીમાં ૩૫.૭, ભાવનગરમાં ૩૪.૪, વલ્લભવિદ્યાનગરમાં ૩૫.૨, સુરેન્દ્રનગરમાં ૩૬.૮, ગાંધીનગરમાં ૩૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું.

# આદ્યશક્તિ શ્રી રાજ રાજેશ્વરી બહુચર માતાજીનો શંખલપુર ગામે ભવ્ય પ્રાણપ્રતિષ્ઠાનો પ્રારંભ

મહેસાણા, તા. ૧૪

ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકામાં શ્રી રાજ રાજેશ્વરી બાલા ત્રિપુરા સુંદરી બહુચર માતાજીનું આદ્યસ્થાન શંખલપુર મુકામે આવેલું છે. મંદિરમાં સ્ફટિક યંત્ર છે. યંત્ર શક્તિ સ્વરૂપે બિરાજમાન શ્રી બાલા બહુચર સર્વભક્તજનોનાં હૃદયમાં શક્તિ સ્વરૂપે બિરાજમાન થાય તે અર્થે મૂર્તિ સ્વરૂપની પ્રતિષ્ઠા કરવાનો નિર્ધાર કરેલ છે. ૨૫૦૦ વર્ષોબાદ માતાજીની સાત ફૂટ ઊંચી અને ૭૫ મણ વજનની વિશાળ પ્રતિમા રાજસ્થાનના મકરાણા માર્બલમાંથી જયપુરના કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવી છે. ૧૪ ફેબ્રુઆરી દરમિયાન પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થનાર છે. જેનો પ્રારંભ ગૃહ રાજયમંત્રી રજનીકાંત પટેલે મંગલ દીપ પ્રગટાવી કર્યો હતો.

શંખલપુર ગામે ઉજવાઈ રહેલ આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં આ પાંચ દિવસ દરમિયાન જલયાત્રા, પૂજા, લોક ડાયરો, રાસ, ગરબા, મહાપ્રસાદ તેમજ હેલિકોપ્ટર દ્વારા માતાજીના શિખર ઉપર પુષ્પવૃષ્ટી કરવામાં આવશે. આ ઉપરાંત યાત્રાળુઓની સુવિધા માટે ભોજન, પ્રસાદ અને તેમજ રહેવાની સગવડ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ૨ પી.આઈ. ૨૪ પી.એસ.આઈ, ૨૮૪ પોલીસ જવાનો, ૨૪ મહિલા પોલીસ, ૧૨૬ હોમગાર્ડ અને ૧૫૦ નાગરિક સંરક્ષણ જવાનોની ડ્યુટી આપવામાં આવી છે. આ ઉપરાંત દીપમાળા અને રંગોળી જેવા કાર્યક્રમો આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત ગૃહ રાજયમંત્રી રજનીકાંત પટેલે જણાવ્યું હતું કે આપણો દેશ ઉત્સવ પ્રિય દેશ છે. સમગ્ર દેશ અને દુનિયામાં શંખલપુર નામથી મા બહુચરને લોકો યાદ કરે છે. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ ધાર્મિક સ્થાનો વિકાસ થાય તે માટે ખાસ પગલાં લીધા છે. મંત્રીજીએ વધુમાં જણાવ્યું હતું કે બેચરાજીનો કૃષિ, ઔદ્યોગિક અને પ્રવાસન વિકાસ થવાનો છે. જેના પગલે આ વિસ્તાર ખુબ જ સુખી અને સમૃધ્ધ થવાનો છે. તેમ જણાવ્યું હતું.

સાંસદ જયશ્રીબેન પટેલે તેમજ નિરમાના કરશનભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

સદ્ગુરૂ આશ્રમ અશોકનગરથી પધારેલા પૂ.શ્રી. કનકેશ્વરીદેવીજી આશિર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે મહોત્સવના યમમાનશ્રી બિપિનભાઈ સંઘવી, સહિત સંસ્થાના પ્રમુખ તેમજ સંસ્થાના અગ્રણીઓ હાજર રહ્યાં હતા.

## શબ્દાવલી - ૪૯૭૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | |
| | ■ | ■ | ૫ | ૬ | | | ■ |
| ૭ | ૮ | ૯ | ■ | ૧૦ | | | ■ |
| ■ | ૧૧ | | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ |
| ૧૫ | | ■ | | ■ | ૧૬ | | |
| ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | | ■ | ■ |
| ■ | ■ | ૨૦ | | | | ■ | ૨૧ |
| ૨૨ | | | ■ | ૨૩ | | ■ | |

### આડી ચાવી

૧. ચેતવણી આપે તે, ... કરવું (૪)
૩. લાચારી, મજબૂરી (૩)
૫. ગભરાટ (૪)
૭. નનામી (૩)
૧૦. તફાવત (૩)
૧૧. સમજુ (૪)
૧૩. ઓડ, ડોકની પાછળનો ભાગ (૨)
૧૫. કાજ, કાર્ય (૨)
૧૬. વિમાન, ફુગ્ગા (૩)
૧૭. ઢોરોને ખવડાવવાનો ચારો (૩)
૧૯. અધિકાર (૨)
૨૦. ફૂલોનો સુગંધભર્યો અપાય (૪)
૨૨. કતેડુ, બક્કડીયુ (૩)
૨૩. સુક્ષ્મ, નાનુ (૨)

### ઊભી ચાવી

૧. સિંહ, લાયન (૩)
૨. નથણી (૨)
૩. કામ વગરનું, રોજગાર વગરનું (૩)
૪. હાજર જવાબી, બોલકણું (૫)
૬. ગધેડાને મારવાનો ડંડો (૩)
૮. અણસમજુ (૪)
૯. જુસ્સો (૨)
૧૨. જીદ્દી (૨)
૧૪. ભારતનો પડોશી દેશ (૨)
૧૫. સફળ (૨)
૧૬. તરત ભાંગી જાય તેવું (૪)
૧૮. ટોપરૂં (૩)
૧૯. જાહેરમાં બોલી કરી વેચાતી વસ્તુ (૩)
૨૧. દેવતાઓની છબી કે મૂર્તિ ને પહેરાવાય (૨)

### શબ્દાવલી ૪૯૭૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉપરાંત (૪) ધિંગાણુ (૬) ઘરાક (૭) ચોગન (૮) રાગ (૯) કેરમ (૧૨) સસ્તી (૧૩) અગર (૧૪) માત (૧૫) અંદાજા (૧૬) અથાગ (૧૭) શર (૧૮) મકર (૧૯) સવાર

**ઊભી ચાવી :-** (૧) ઉઘરાણી (૨) પરાગ (૩) રાંક (૪) ધિંગામસ્તી (૫) ગાન (૭) ચોરસ (૧૦) અતીત (૧૧) જગજાહેર (૧૩) અદા (૧૪) માગસર (૧૫) અંજામ (૧૬) અમાસ

### અગિયાર વર્ષ બાદ..● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી ઘટના નાણાંમંત્રી તરીકે અનોખો વિક્રમ સ્થાપનાર અને વર્તમાન અધ્યક્ષ શ્રી વજુભાઈ વાળાએ ૨૦મી ફેબ્રુઆરી-૨૦૦૪ના રોજ લેખાનુદાન રજુ કર્યું હતું. અને ત્રણ માસ બાદ આખુ બજેટ અર્થાત્ ૨૦-૫-૨૦૦૪ના રોજ રજુ કર્યું હતું. વજુભાઈએ આમ તો નાણાંમંત્રી તરીકે ૨૦મીએ બજેટ રજુ કર્યું હોય તેવી ત્રણ ઘટનાઓ છે. નીતિનભાઈ પટેલ એ ભાજપના ચોથા નાણાંમંત્રી છે. સૌ પ્રથમ પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશ મહેતા વર્તમાન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, શ્રી વજુભાઈ વાળા અને હવે શ્રી નીતિનભાઈ પટેલ. રાજ્ય વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ૨૦મીથી શરૂ થઈ રહ્યું છે ત્યારે નાણાંમંત્રી શ્રી નીતિન પટેલ પણ બજેટની રજુઆત કરવા માટે ભારે મહેનત કરી રહ્યા છે. તેમનું આ બજેટ કેવુ હશે તેને લઈ રાજકીય વર્તુળોમાં પણ તરેહ તરેહની અટકળો વહેતી થઈ છે.

### રાવળ યોગી સમાજ... ● પાના નં. ૨નું ચાલુ

આ પ્રસંગે મંત્રી રજનીભાઈ પટેલે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, સમાજનો વિકાસ ત્યારે જ શકય બની શકે કે સમાજમાં શિક્ષણ હશે અને સમાજના બાળકો ખુબ જ મહેનત કરી ભણી આગળ વધી સમાજનું નામ રોશન કરે તેવી વિદ્યાર્થીઓને શીખ આપી હતી. આ માટે સમાજે પણ જાગૃત થવું પડશે તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રયાસના ભાગરૂપે બેચરાજી તાલુકા રાવળ યોગી સમાજ વિકાસ મંડળ દ્વારા બહુચરાજી તાલુકાના આદિવાડી મુકામે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ધોરણ ૫ થી ૧૨ અને ડીગ્રી કોર્ષના વિદ્યાર્થીઓને સમાજના દાતાઓ દ્વારા ચાંદીના મેડલ, ટ્રોફી, મોમેન્ટો, સ્કૂલ બેગ (થેલા) ઓફીસ ફાઈલ તથા કેલકયુલેટર, પેન વગેરે આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ગુજરાત રાજયના જિલ્લાઓ તથા તાલુકાઓથી આવેલ સમાજના આગેવાનોને શાલ ઓઢાડી તથા ફુલહારથી મંડળ દ્વારા સન્માનીત કર્યા હતા. દાતાઓ તરફથી સારા એવા પ્રમાણમાં દાનની પણ સરવાણી થઈ હતી.

પ્રસંગને શોભાવતી શાળાની બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત અને બેટી બચાવો અભિયાન અંગેની સુંદર કૃતિઓ રજુ કરી હતી.

આ પ્રસંગનું સુંદર આયોજન મંડળના પ્રમુખ ગંગારામભાઈ રાવળ, મહામંત્રી ચતુરભાઈ વાહજીભાઈ રાવળ, લીલાભાઈ રાવળ, ભરતભાઈ રાવળ, ડૉ. કલ્પેશભાઈ, ગોકળભાઈ રાવળ વિઠ્ઠલભાઈ રાવળ, જીવણભાઈ રાવળ, રમેશભાઈ રાવળ, યોગી પુરુષોત્તમભાઈ, મનુભાઈ રાવળ, લક્ષ્મણભાઈ રાવળ વગેરેએ ખુબ જ જહેમત ઉઠાવી હતી.

## વસંતપંચમીની નરેન્દ્ર મોદીએ શુભેચ્છા
# જ્ઞાનનો યુગ આવ્યો છે ત્યારે ભારત હમેશા પથદર્શક બન્યું
### ખેલ મહાકુંભની ભારે સફળતા રમત-ગમત ક્ષેત્રે ક્ષમતા નિર્માણની ગુજરાતની આગવી પહેલ : મુખ્યપ્રધાન મોદી

અમદાવાદ, તા.૧૪

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વસંતપંચમીની નાગરિકોને શુભેચ્છાઓ પાઠવતા આજે પ્રસિદ્ધ કરેલા તેમના બ્લોગમાં ખેલ મહાકુંભની સફળતાને રમત-ગમતના ક્ષેત્રે ક્ષમતા નિર્માણની ગુજરાતની આગવી પહેલ ગણાવી છે. મુખ્યમંત્રીએ બ્લોગમાં લખ્યુ છે કે વસંતપંચમીના અવસર પર આપ સૌને શુભેચ્છાઓ પાઠવું છું. માં સરસ્વતી આપણને અનંત જ્ઞાન અને પ્રજ્ઞાના આશિર્વચન આપે. જ્યારે જ્યારે પણ આ દુનિયામાં જ્ઞાનનો યુગ આવ્યો છે ત્યારે ભારત પથદર્શક બન્યું છે. ૨૧મી સદી જ્ઞાનની સદી છે અને માં સરસ્વતીના આશિર્વાદથી ફરી એકવરા આપણો દેશ માનવજાતને રાહ બતાવે તેવી અપેક્ષા. ગુજરાતમાં ગયા મહિને ખેલકૂદનું વાતાવરણ છવાયેલું રહ્યું. ગઈકાલે મેં ખેલ મહાકુંભ ૨૦૧૨-૧૩ના સમાપન સમારોહમાં બાગ લીધો. સમગ્ર રાજ્યના પ્રતિભાવંત ખેલાડીઓની વચ્ચે ઉપસ્થિત રહેવાનો આનંદ અનેરો હતો. ખેલ અને ખેલદિલીના જુસ્સાના પ્રતિબિંબ સમાન આ વિરાટ રમત મહોત્સવમાં તમામ વયજૂથના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વર્ષ ૨૦૧૨ના અંત ભાગમાં જો અત્યંત લાંબાગાળા સુધી ચૂંટણી આચાર સંહિતાનો અમલ ન રહ્યો હોત તો આપણે વર્ષ ૨૦૧૨માં જ ખેલ મહાકુંબનું આયોજન કરી દીધું હોત. જો કે આ વર્ષે આપણને બે કેલ મહાકુંભ જોવા મળશે. એક કે જેનું સમાપન ગઈકાલે થયું અને બીજો ખેલ મહાકુંભ આ વર્ષના અંત ભાગમાં યોજાશે. ખેલ મહાકુંભથી રમત-ગમતને પ્રોત્સાહન તો મળશે જ પણ સાથે સાથે રમતના મેદાન પર કૌશલ્ય નિર્માણની પરિસ્થિતિ પણ આકાર લેશે. છેલ્લાં કેટલાક દિવસોથી એક બાબત મને સતાવી રહી છે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કમિટિ કુસ્તીની રમત આધુનિક ન હોવાનું ક્ષુલ્લક કારણ આપીને વર્ષ ૨૦૨૦ના ઓલિમ્પિકસમાંથી કુસ્તીની બાદબાકી કરવા અંગે વિચારી રહી છે તે વાંચીને મને આંચકો લાગ્યો છે. મહાભારતના કાળથી કુસ્તીનો ઉલ્લેખ થતો આવ્યો છે. ઓલિમ્પિકસમાં પણ કેટલાંક એશિયાઈ દેશો કુસ્તીમાં ઘણો સારો દેકાવ કરી રહ્યા છે. આથી આપણી ફરજ છે કે તમામ એશિયાઈ દેશો, સરકારો અને લોકો સાથે મળીને આ એકપક્ષીય અને કમનસીબ નિર્ણયનો વિરોધ કરે. હું આશા રાખુ છુ કે આઈઓસી અન્ય કોઈ ક્ષુલ્લક બાબતોમાં ખેંચાયા વિના માત્ર ખેલ અને ખેલાડીના હિતને ધ્યાને રાખીને જ પોતાના નિર્ણય લેશે.

# કોન્ટ્રાક્ટરને પેનલ્ટી કરીને બ્લેકલીસ્ટ કરવા માંગણી

અમદાવાદ, તા.૧૪

રાસ્કા(જીંજર) પંપહાઉસ ખાતે ૨૦૦ એમએલડી ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરીમાં વિલંબ કરનાર કોન્ટ્રાકટરને પેનલ્ટી કરીને બ્લેકલીસ્ટ કરવો જોઈએ એવી માગણી મ્યુનિ. કોંગ્રેસ પક્ષે કમિશનર સમક્ષ કરી છે.

મ્યુનિ. કોંગ્રેસ નેતા બદરુદ્દીન શેખે આજે જણાવ્યું છે કે જેએનએનયુઆરેમ અંતર્ગત રાસ્કા(જીંજર) પંપહાઉસ ખાતે ૨૦૦ એમએલડી ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા કામ નાર્ગાજુન કન્સ્ટ્રક્સન કું ને ૨૫-૦૯-૦૭થી કામ શરૂ કરવામાં આવ્યું હતુ, કરારપત્ર મુજબ કામની સમયમર્યાદા ૧૮ માસ ગણતાં કે કામ ૨૪-૦૩-૦૯ના રોજ પૂર્ણ કરવાની હતી તેમ છતાં કામ ૨૫-૧૨-૧૦ના રોજ પૂરુ કરી કમીશન કરવામાં આવેલું એટલે કે એક વર્ષ અને નવ માસનો વિલંબ થયો હતો. કોન્ટ્રાક્ટરે સમયમર્યાદામાં કામ નથી કરેલું જેથી ટેન્ડરની શરત મુજબ ૨.૬૬ કરોડની પેનલ્ટી કાપવામાં આવી ચે. ટેન્ડરની શરત મુજબ રીટેન્સન મની પેટે ૧.૫૧ કરોડ તતા ઈલેક્ટ્રીકલ અને મીકેનીકલ ટેન્ડરની રીટેન્શન મની પેટે ૭૭.૮૭ લાખ મળી કુલ ૨.૨૯ કરોડની રકમ જમા લેવાની થાય છે. એન્જી.ડીર્પા દ્વારા એપ્રુવ ડ્રોઈંગ કોન્ટ્રાક્ટર દ્વારા પરત આપીને સ્થળ પર કામ કરવાનું જણાવેલું ત્યારબાદ સાઈટ પર જરૂરી મેન પાવર, મશીનરી વધારવા તેમજ સીનીયર પ્રોજેક્ટ મેનેજરની નિમણૂંક કરીને સમગ્ર મર્યાદામાં કમ કરવા અનેક પાત્રો લખવામાં આવ્યા હતા. ૧૫-૧૧-૦૭થી ૨૩-૧૧-૧૦ સુધી કુલ ૨૬ પત્રો લખ્યા હતાં તેમ છતાં ૧૮ માસની સમયમર્યાદામાં ૫.૪૬ ટકા જેટલો જ પ્રોગ્રેસ કરવામાં આવ્યો હતો. તેમ છતાં ૩-૬-૧૧ના રોજની સ્ટે.કમિટીમાં કોન્ટ્રાક્ટરની તરફેણ કરતાં જવાબો માંગવામાં આવ્યા હતાં જેવા કે એપ્રુવ ડ્રોઈંગ કોન્ટ્રાક્ટરને ક્યારે આપ્યાં. કામગીરીમાં વિલંબ થવાના કારણો શું. વિલંબ માટે કોણ જવાબદાર.

**ગુજરાત ઈકોલૉજી કમિશન, ગાંધીનગર**

ગુજરાત ઈકોલૉજી કમિશન, ગાંધીનગર દ્વારા ચિત્ર સ્પર્ધા માટેનું સ્ટેશનરી ખરીદ કરવાની અને પ્રીન્ટીંગની કામગીરી માટે રસ ધરાવતા વિક્રેતાઓ/પ્રીન્ટરો એ ભાવો ઈ-૫ ફોર્મમાં સીલ બંધ કવરમાં તા. ૨૫-૨-૨૦૧૩ સુધી નીચે જણાવેલ સરનામે કચેરી સમય દરમિયાન મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. આ કામગીરી માટે ઈ-૫ ફોર્મ કચેરીમાંથી કચેરી સમય દરમિયાન મળી શકશે અને કચેરીની વેબસાઈટ www.geciczmp.com પર પણ મુકવામાં આવેલ છે.

નિયામક, ગુજરાત ઈકોલૉજી કમિશન,
બ્લોક નંબર ૧૮/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૧૧,
ફોન : ૦૭૯- ૨૩૨૫૭૬૫૬